# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/126 Dt. 23/11/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCI ના પ્રતિનિધિ મંડળે નવી દિલ્હી ખાતે FICCI AGM દરમ્યાન સુરત શહેરના હદ વિસ્તારમાં આવતી નોન પોલ્યુટેડ ઇન્ડસ્ટ્રીને રાહત આપવાની રજૂઆત કરી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા અને માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુક્લ તથા ગૃપ ચેરમેન શ્રી ગિરધર ગોપાલ મુન્દ્રા અને સીએ મિતિષ મોદી તેમજ મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી અમિત શાહ સહિત ૦૮ વ્યક્તિઓના પ્રતિનિધી મંડળે નવી દિલ્હી ખાતે ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ની વાર્ષિક સાધારણ સભામાં ભાગ લીધો હતો.

આ વાર્ષિક સાધારણ સભામાં ભારતના કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયુષ ગોયલ અને કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે ભાગ લીધો હતો.

અધિવેશન દરમિયાન ઔદ્યોગિક એસોસિએશનના પ્રશ્નોના પેનલ ડિસ્કશનમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા અને અન્ય હોદ્દેદારોએ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતા. ખાસ કરીને હેવી ઈન્ડસ્ટ્રીઝ તેમજ યાર્ન ઉપર BIS લાગવા બાબતે પ્રશ્નોત્તરી કરી હતી. આ ઉપરાંત સુરત શહેરના હદ વિસ્તારમાં આવતી નોન પોલ્યુટેડ ઈન્ડસ્ટ્રી (જેવી કે, સાદા લૂમ્સ, એમ્બ્રોઈડરી, પેપર ટ્રાન્સફર, ડાયમંડ, જરી ઉદ્યોગ વગેરે)ને કે જેને પોતાના વ્યવસાયનો વ્યાપ વધારવો છે, તેને રાહત આપવાની રજૂઆત કરી હતી.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ સહિતના હોદ્દેદારો દ્વારા ભારતના કેન્દ્રિય પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવને રૂબરૂમાં ઈન્ડસ્ટ્રી બાબતે તેમજ વાપી - અંકલેશ્વર જીઆઈડીસીના પોલ્યુશન બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત ચેમ્બરના હોદ્દેદારોએ ભારતના કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ સાથે પણ મુલાકાત કરી હતી.